
# વિદેશની ધરતી પર ગાંધીનગરનું નામ ગૂંજતું કરનાર યુવાઓને ગાંધીનગરના અભિનંદન



ગાંધીનગર, તા. ૧૨

તાજેતરમાં બેંગકોક ખાતે યોજાયેલી મિસ્ટર એન્ડ મિસ એશિયા ઈન્ટરનેશનલ સ્પર્ધામાં મિસ એશિયા ઈન્ટરનેશનલ ટાઈટલ વિજેતા યુવતિ પૂજા સિંઘ અને મિસ્ટર ટેલેન્ટ રનર્સ-અપ ટાઈટલ વિજેતા યુવાન વિશ્વાસ જૈન દ્વારા ગાંધીનગર મહાનગર પાલિકાના કાર્યકારી મેયર દેવેન્દ્રસિંહ ચાવડાની શુભેચ્છા મુલાકાત લેવામાં આવી હતી.

દેવેન્દ્રસિંહ ચાવડાએ બંને યુવાઓને પુષ્પો અને શબ્દોથી આવકાર્યા હતા અને સમગ્ર ગાંધીનગર વતી તેમને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે બંને યુવાઓને ઉત્તરોત્તર પ્રગતિ માટે શુભકામનાઓ પણ પાઠવી હતી.

ભારતીય પરિધાનમાં સજ્જ પૂજાએ વાતચીતમાં એ સ્પષ્ટતા કરી હતી કે ભારતીયોને વિશ્વમાં ખૂબ માનથી જોવામાં આવે છે. દુનિયા આપણી સંસ્કૃતિને, ગાંધી વિચારોને આદર આપે છે. ગુજરાતી તરીકેની પ્રતિભા, અનુશાસન બધા કરતાં અલગ જ તરી આવે છે, એવું પણ તેણે સ્વીકાર્યું હતું.

# પાટનગરના પ્રોફેસર પોલેન્ડ ખાતે ભારતનું પ્રતિનિધિ કરશે



ગાંધીનગર, તા. ૧૨

પાટનગરના પ્રોફેસર કૌશલ જાની કે જે સાલ એજ્યુકેશન કેમ્પસમાં કોમ્પુટર એન્જીનીયરિંગના આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવે છે, તેઓ યુરોપિયન યુનીયન ના ઈરાસ્માસ પ્લસ પ્રોગ્રામના કેબ્સીન પ્રોજેકટ હેઠળ પોલેન્ડના વોસ્લો યુનિવર્સીટી ખાતે એક્સ્પર્ટ લેકચર આપશે. આ પ્રોજેકટનું નેતૃત્વ સાલ એજ્યુકેશન કેમ્પસના ડિરેકટર શ્રી ડૉ. રૂપેશભાઈ વસાણી અને પ્રો. સિમ્પલબેન દોશી દવારા કરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટ અંતર્ગત બંને દેશા શિક્ષણ સાંસ્કૃતિક ક્ષેત્રે વિનિમય કરશે. ઉલ્લેખનીય છે કે આ અગાઉ પ્રો. કૌશલ જાનીએ ૨૦૧૬માં અમેરિકા ખાતે પણ એક્સ્પર્ટ લેકચર આપેલ છે તેમજ ગુજરાત અને ભારતનાં અન્ય રાજ્યોમાં ૭૦થી વધુ એક્સ્પર્ટ લેકચર આપી ચૂક્યા છે.

# 'મમ્મી માનતી નથી' નાટકની ગાંધીનગરમાં ભજવણી થઈ



## નગરના નાટ્યકારોની વિશેષ ઉપસ્થિતિ રહી

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી નિર્મિત મનોરંજક નાટક 'મમ્મી માનતી નથી'નું મંચન ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું.

ડૉ. આંબેડકર હૉલ, સેક્ટર-૧૨ ખાતે ભજવાયેલા શૌનક વ્યાસ લિખિત અને શંકર ગુમાને દિગ્દર્શિત આ કૉમેડી નાટકમાં જિજ્ઞેશ દિક્ષીત, વિનુ ચાવડા, ધવલ પટેલ, મોહિત શર્મા, નિધિ દવે, હર્ષ કાવિઠિયા, રિદ્ધિ મહેતા, નિવેદીતા પંડ્યા અને રાહુલ પટેલ દ્વારા અભિનય આપવામાં આવ્યો હતો. સંગીત સંચાલન રાહુલ ગુમાને દ્વારા અને લાઈટ સંચાલન બિમલ પાટીલ દ્વારા કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે કલાકારોને પ્રોત્સાહન આપવા માટે નગરના સિનિયર નાટ્યકાર અખ્તર સૈયદ, હસમુખ મૅકવાન, કુંતલ નિમાવત, પ્રતિક્ષા નિમાવત તથા નગરના યુવા કલાકાર દિવ્યકાન્ત વર્મા, મૌન સાધુ, સાબિર મલેક, સારસ્વત હર્ષદ પરમાર, સમાજસેવક રાજેશ ત્રિવેદી અને રાજેન્દ્રસિંહ ચૌહાણ ઉપરાંત મોટી સંખ્યામાં નાટ્યરસિક નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

## જન્મદિને વધામણી



પીનાક એ પટેલ
મો. ૯૯૨૪૩ ૫૪૫૮૪



દક્ષરાજસિંહ ઝાલા
મો. ૯૯૨૫૨ ૬૨૭૦૦

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# બી.સી.એ. કોલેજના વિદ્યાર્થીઓ ઔદ્યોગિક એકમની મુલાકાતે



સાંપ્રત સમયમાં જ્યારે કમ્પ્યુટરાઈઝેશન અને ઓટોમેશન એ જીવન શૈલીનું અવિભાજ્ય અંગ બની રહ્યું છે ત્યારે આ વિષયોનો ઊંડાણપૂર્વકનો અભ્યાસ અને વિસ્તૃત માહિતી મેળવવા માટે કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડિઝ- બી.સી.એ.ના સેમિસ્ટર-૨માં અભ્યાસ કરતાં ૧૪૦ જેટલા વિદ્યાર્થીઓએ વડોદરાના વાઘોડિયા ખાતે આવેલી "આર આર કાબિલ"ના ઓટોમેશન પ્લાન્ટનો અભ્યાસ કરવા રૂબરૂ મુલાકાત લીધી હતી. બે દિવસની આ વિઝિટમાં વિદ્યાર્થીઓને ઈન્ડસ્ટ્રીના ઈજનેરો દ્વારા પાંચ અલગ અલગ ગ્રુપમાં કોપર ડિવિઝન, મલ્ટિપલ વાયર ડ્રૉઈંગ, અને આઈસોલેશન પ્રોસેસ સમજાવવામાં આવી હતી. કંપનીના મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ વિષે વાત કરતાં એચ.આર. હેડ નિરવે જણાવ્યું હતું કે તમામ પ્લાન્ટ ISO સર્ટીફાઈડ છે જે કસ્ટમરને ક્વાલિટી આઉટકમ આપે છે. વિદ્યાર્થીઓએ કંપનીના સીનિયર વાઈસ પ્રેસિડેન્ટ રાજીવ ભાર્ગવ અને એચ. આર. મેનેજર બાદલ બાચાની સાથે પ્રશ્નોત્તરી પણ કરી હતી. ઈન્ડસ્ટ્રી વિઝિટના આ આયોજનમાં જનરલ મેનેજર વિક્રમ રાવલનો સંપૂર્ણ સહયોગ પ્રાપ્ત થયો હતો. વિઝિટનું સંપૂર્ણ આયોજન ડો. એસ. એમ. શાહના માર્ગદર્શન હેઠળ પ્રો. જૈમિની કુલકર્ણી અને ડો. અભિજીતસિંહ જાડેજા દ્વારા કરવામાં આવ્યું હતું, જેને સફળ બનાવવામાં કોલેજના પ્રાધ્યાપક મિત્રોનો સહયોગ પ્રાપ્ત થયો હતો.

# પહેલો કેસ

મુંબઈમાં એક તરફથી કાયદાનો અભ્યાસ શરૂ થયો. બીજી તરફથી ખોરાકના અખતરા; અને તેમાં મારી સાથે વીરચંદ ગાંધી જોડાયા. ત્રીજી તરફથી ભાઈનો પ્રયાસ મારે સારુ કેસ શોધવાનો શરૂ થયો.

કાયદા વાંચવાનું કામ ઢીલું ચાલ્યું. 'સિવિલ પ્રોસિજર કોડ' કેમે ગળે ઊતરે નહીં. પુરાવાનો કાયદો ઠીક ચાલ્યો. વીરચંદ ગાંધી સૉલિસિટરની તૈયારી કરતા, એટલે વકીલોની ઘણી વાતો કરે. 'ફિરોજશાની હોશિયારીનું કારણ તેમનું કાયદાનું અગાધ જ્ઞાન છે. તેમને 'એવિડન્સ ઍક્ટ' તો મોઢે જ છે. બત્રીસમી કલમ ઉપરના એકેએક કેસ તેઓ જાણે.

150 ગાંધીયાત્રા

બદરુદ્દીનની બાહોશી તો એવી છે કે જજો તેમનાથી અંજાઈ જાય છે. તેમની દલીલ કરવાની શક્તિ અદ્ભુત છે.'

જેમ જેમ આવા અડીખમોની વાતો સાંભળું તેમ તેમ હું ગભરાઉં.

'પાંચસાત વર્ષ સુધી બારિસ્ટર કોર્ટમાં ઢેફાં ભાંગે તે નવાઈ ન ગણાય તેથી જ મેં સૉલિસિટર થવાનું ધાર્યું છે. ત્રણેક વર્ષ પછી તમે ખર્ચ ઉપાડો એટલું કમાઓ તો ઘણું સારું કર્યું કહેવાય.'

દર માસે ખર્ચ પડે. બહાર બારિસ્ટરનું પાટિયું ચોડવું ને ઘરમાં બારિસ્ટરી કરવાને સારુ તૈયારી કરવી! આ મેળ મારું મન કેમે ન મેળવી શકે. એટલે મારું વાચન વ્યાકુળ ચિત્તે ચાલ્યું. પુરાવાના કાયદામાં કંઈક રસ પડ્યાનું હું કહી ગયો. મેઈનનો 'હિંદુ લૉ' ખૂબ રસપૂર્વક વાંચ્યો પણ કેસ ચલાવવાની હિંમત ન આવી. મારું દુ:ખ કોને કહું? સાસરે ગયેલી નવી વહુના જેવી મારી સ્થિતિ થઈ!

એટલામાં મમીબાઈનો કેસ મારે નસીબે આવ્યો. સ્મૉલકોઝ કોર્ટમાં જવાનું હતું. 'દલાલને કમિશન આપવું પડશે!' મેં ઘસીને ના પાડી.

'પણ ફોજદારી કોર્ટમાં પંકાયેલા પેલા... મહિને ત્રણ ચાર હજાર પાડનાર પણ કમિશન તો આપે છે.'

'મારે ક્યાં તેના જેવા થાવું છે? મને તો દર માસે રૂ. ૩૦૦ મળે તો બસ થાય. બાપુને ક્યાં વધારે મળતા હતા?'

પણ એ જમાનો ગયો. મુંબઈનાં ખર્ચ મોટાં. તારે વ્યવહાર વિચારવો જોઈએ.'

હું એક ટળી બે ન થયો. કમિશન ન જ આપ્યું. પણ મમીબાઈનો કેસ તો મળ્યો. કેસ સહેલો હતો. મને બ્રીફના રૂ. ૩૦ મળ્યા. કેસ એક દિવસથી વધારે ચાલે તેમ નહોતું.

સ્મૉલકોઝ કોર્ટમાં પહેલવહેલો દાખલ થયો. હું પ્રતિવાદી તરફથી હતો. એટલે મારે ઊલટતપાસ કરવાની હતી. હું ઊભો તો થયો પણ પગ ધ્રુજે, માથું ફરે. મને લાગે કે કોર્ટ ફરે છે. સવાલ પૂછવાનું સૂઝે જ નહીં. જજ હસ્યો હશે. વકીલોને તો ગંમત પડી જ હશે. પણ મારી આંખને ક્યાં કંઈ જોવાપણું હતું!


હું બેઠો. દલાલને કહ્યું, 'મારાથી આ કેસ નહીં ચલાવાય, પટેલને રોકો. મને આપેલી ફી પાછી લો.' પટેલને તે જ દહાડાના એકાવન રૂપિયા આપી રોક્યા. તેમને તો રમતવાત હતી.

હું નાઠો. મને યાદ નથી કે અસીલ જીત્યો કે હાર્યો. (ક્રમશ:)



'સત્યના પ્રયોગો'માંથી સાભાર

# 'જીવનચિત્રણા' પુસ્તકનું વિમોચન ૧૭મી માર્ચે અમદાવાદમાં કરાશે




ચિત્રકાર અશોક ખાંટ પોતાની વર્ષો લાંબી કલાયાત્રા દરમિયાન સર્જાયેલાં અસંખ્ય ચિત્રોમાંથી પસંદ કરેલાં ૯૦ જેટલાં ઉત્કૃષ્ટ ચિત્રો સાથે સરળ માતૃભાષામાં લખેલા પોતાના જીવનના ૮૬ જેટલા અનુભવ લેખો સાથેનું એક પુસ્તક 'જીવનચિત્રણા' પ્રકાશિત કરી રહ્યા છે. પુસ્તકનો લોકાર્પણ કાર્યક્રમ આગામી તા. ૧૭મી માર્ચના રોજ સાંજે ૫.૦૦ કલાકે ગજ્જર હૉલ, લૉ ગાર્ડન, અમદાવાદ ખાતે પ્રસિદ્ધ સાહિત્યકાર પદ્મશ્રી કુમારપાળ દેસાઈના મુખ્ય મહેમાનપદે યોજાઈ રહ્યો છે. સાથે જાણીતા ચિત્રકાર અમિત અંબાલાલ અને નાટ્ય, ફિલ્મ જગતના કલાકાર અર્ચન ત્રિવેદી ઉપસ્થિત રહેશે. સાહિત્ય, ચિત્રકલામાં રસ ધરાવતા સૌને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા તેમણે નિમંત્રણ પાઠવ્યું છે.


# 'હવેલીનું વૃક્ષ' પુસ્તકનું શનિવારે વિમોચન કરાશે



ગાંધીનગર, તા. ૧૨

શૈલજા કાલેલકર પરીખ લિખિત અંગ્રેજી પુસ્તકના નીતિન ભટ્ટ દ્વારા ગુજરાતી અનુવાદથી તૈયાર થયેલા પુસ્તક 'હવેલીનું વૃક્ષ'નું વિમોચન તા. ૧૬ માર્ચના રોજ અમદાવાદ શહેર ખાતે થઈ રહ્યું છે.

ગોવર્ધન સ્મૃતિ મંદિર, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ ખાતે શનિવારે સાંજે ૫.૩૦ કલાકે આયોજિત આ વિમોચન કાર્યક્રમમાં માર્ગી હાથી, શૈલજા પરીખ, રાજેન્દ્ર પટેલ, દૃષ્ટિ પટેલ, અજય રાવલ, નીતિન ભટ્ટ અને સુકુમાર પરીખ ઉપસ્થિત રહેશે. સાહિત્યમાં રસ ધરાવતા સૌ નાગરિકોને આ પ્રસંગે ઉપસ્થિત રહી કાર્યક્રમ માણવા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.




# મણિબેન શાહ મહિલા કૉલેજ ખાતે આંતરરાષ્ટ્રીય મહિલાદિન ઉજવાયો

ગાંધીનગર, તા. ૧૨

એમ.પી શાહ એજ્યુકેશન સોસાયટી,કડી સંચલિત મણિબેન એમ.પી.શાહ મહિલા આર્ટ્સ કોલેજમાં મહિલા વિકાસ પ્રભાગ અંતર્ગત આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા વિદ્યાર્થીનીઓએ પોતાના સેમિનારના ચાર્ટ રજુ કર્યા અને ભારત તથા ગુજરાત રાજ્ય સરકારની મહિલાઓને સ્પર્શતી વિવિધ યોજનાઓ વિશે પોતાના વિચારો રજુ કર્યા હતા. કોલેજની વિદ્યાર્થીનીઓએ મોટી સંખ્યામાં આ ઉજવણીમાં ભાગ લીધો હતો. કોલેજનાં આચાર્યા ડૉ.હિનાબેન પટેલ તથા અન્ય અધ્યાપકોએ સ્ત્રીસશક્તિકરણ વિષય પર વિદ્વતાપૂર્ણ વક્તવ્યો આપ્યાં હતાં. સમગ્ર સ્ટાફ પરિવાર અને પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર ડૉ. સંગીતાબેન આચાર્યાએ આચાર્ય ડૉ. હિનાબેન પટેલના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમનું સુયોગ્ય સંચાલન કર્યું હતું.

# મહિલા દિવસની વિશિષ્ટ ઉજવણી

ગાંધીનગર, તા. ૧૨

આશી ફાઉન્ડેશન તથા મોટીવેશન ફાઉન્ડેશનના સભ્યો દ્વારા પરિવારથી દૂર રહેતાં વૃદ્ધ મહિલાઓની સાથે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ઉજવવામાં આવ્યો હતો. ૮ માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી અમદાવાદ જિલ્લામાં સીંગરવા ખાતે આવેલ રમાબેન માતૃ મંદિર ખાતે કરવામાં આવી. આમ કહીએ તો વૃદ્ધ પણ યુવાનોથી પણ વધારે ઉત્સાહી હતા. અંતાક્ષરી, ગરબા તથા ખુબજ મઝાની વાતો કરીને સંસ્થાના સભ્યો દ્વારા તેઓની સાથે સમય પસાર કરવામાં આવ્યો.

આ દિવસ એટલે નારી શક્તિનો દિવસ અને આજે તેઓની સાથે દિવસ પસાર કરી ને ખરા અર્થમાં લાગ્યું કે અમે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી ખુબ જ સુંદર રીતે કરી. આ સુંદર સામાજિક પ્રવૃત્તિમાં આશી ફાઉન્ડેશનના ફાઉન્ડર રૂપમ પટેલ અને પ્રો. દીપોઉની પટેલ તથા અન્ય સભ્યો અને મોટીવેશન ફાઉન્ડેશનના ફાઉન્ડર મેહુલ ભારતી અને હર્ષદ સોલંકી તથા અન્ય સભ્યો ઉપસ્થિત હતા. દરેક યુવાઓ જો પોતાના કિંમતી સમય માંથી થોડો સમય પણ આ વૃદ્ધો સાથે વિતાવે તો તેઓને પરિવાર ની હુંફ મળી રહે તેવા વિચારની અભિવ્યક્તિ સંસ્થાઓ દ્વારા આ ઉજવણીના માધ્યમથી કરવામાં આવી હતી.